# 2

## કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર

* 15/4/841 : **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) કંપની સાથે કેટલા સમય માટે ક્યા ભાવે વીજ ખરીદીના કરાર ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત કંપની પાસેથી કેટલી વીજળી ક્યા ભાવે ખરીદવામાં આવી, અને

(૩) ઉક્ત કરારથી વધુ ભાવે ઉક્ત માસમાં વીજળી ખરીદવામાં આવી હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે ૨૫ વર્ષ માટે રૂ ૨.૨૬/યુનિટના લેવલાઈઝ્ડ દરે તા.૨૨.૦૪.૨૦૦૭ના રોજ વીજ ખરીદીના કરાર કરવામાં આવેલ છે.

(૨) અને (૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપની પાસેથી માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત નીચે મુજબ છે:

| ૨૦૨૨ | | | |
|---|---|---|---|
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ (રૂ–કરોડ) | એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ દર |
| જાન્યુઆરી | ૯૭૨ | ૯૪ | ૨.૯૫ |
| ફેબ્રુઆરી | ૪૪૪ | ૪૧ | ૩.૧૪ |
| માર્ચ | ૬૫૯ | ૬૩ | ૩.૧૩ |
| એપ્રિલ | ૧૧૩૪ | -૬૭* | ૪.૨૦ |
| મે | ૯૦૮ | ૯૩ | ૫.૬૮ |
| જુન | ૯૬૦ | ૯૪ | ૬.૦૬ |
| જુલાઈ | ૯૮૪ | ૯૭ | ૫.૮૯ |
| ઓગસ્ટ | ૯૭૩ | ૯૭ | ૫.૧૮ |
| સપ્ટેમ્બર | ૮૯૨ | ૯૪ | ૪.૮૧ |
| ઓક્ટોબર | ૬૩૯ | ૯૭ | ૫.૮૧ |
| નવેમ્બર | ૯૧૦ | ૯૪ | ૫.૭૦ |
| ડિસેમ્બર | ૯૭૨ | ૯૭ | ૫.૪૮ |
| ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | | |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ (રૂ.–કરોડ) | એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ દર |
| જાન્યુઆરી | ૩૮૫ | ૫૬ | ૩.૬૩ |
| ફેબ્રુઆરી | ૧૦૨ | ૯ | ૩.૭૬ |
| એપ્રિલ | ૨૬૧ | ૨૦ | ૩.૭૪ |
| મે | ૮૯૬ | ૫૩ | ૪.૪૨ |
| જુન | ૬૬૯ | ૭૧ | ૪.૫૨ |
| જુલાઈ | ૭૬૭ | ૯૬ | ૪.૨૯ |
| ઓગસ્ટ | ૧૦૩૭ | ૯૨ | ૩.૭૧ |
| સપ્ટેમ્બર | ૯૬૮ | ૯૩ | ૩.૬૭ |
| ઓક્ટોબર | ૧૦૭૪ | ૯૭ | ૩.૭૬ |
| નવેમ્બર | ૮૭૮ | ૯૭ | ૪.૦૨ |
| ડિસેમ્બર | ૮૫૨ | ૮૮ | ૩.૯૭ |

*જી.યુ.વી.એન.એલ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) પાસેથી, વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન પ્લાન્ટની ઉપલબ્ધતા ન હોવાના કારણોસર કરારની શરતો મુજબ વસુલ કરવાની થતી રૂ.૧૩૯.૮૭ કરોડની પેનલ્ટીની રકમમાંથી, એપ્રિલ–૨૦૨૨ના ફિક્સ ચાર્જ પેટે ચુકવવાની થતી રૂ.૭૨ કરોડની રકમ સરભર કરવામાં આવેલ છે.(કરારની શરતો પ્રમાણે, ફિક્સ ચાર્જની ચુકવણી

પ્લાન્ટની ઉપલબ્ધતાને આધારે કરવામાં આવે છે. વેરીએબલ ચાર્જની ચુકવણી પ્રોજેકટમાંથી મેળવેલ ઉત્પાદનને આધારે કરવામાં આવે છે)

ઈન્ડોનેશિયન કોલસાનો ઈન્ડેક્સ (HBA) જે સામાન્ય રીતે સરેરાશ ૯૦ યુ.એસ ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર–૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ–૨૦૨૨માં મહત્તમ ૩૩૧ યુ. એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ. આથી આ પછીના સમયગાળા દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટરી કરાર અંતર્ગતના વીજ દર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ.

વધુમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહી.

ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રીસીટી એકટ–૨૦૦૩ના સેકશન–૧૧ અંતર્ગત ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે.

તદ્અન્વયે, નિર્ધારિત એનર્જી ચાર્જના દરે કોસ્ટલ ગુજરાત પાવર લિ.ને ચુકવણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને કોસ્ટલ ગુજરાત પાવર લિ. દ્વારા કેન્દ્રીય વીજ નિયમન આયોગ(CERC) સમક્ષ સેકશન–૧૧(૨) અંતર્ગત પીટીશન કરવામાં આવેલ. જે અન્વયે, CERC દ્વારા નિર્દેશિત કલેઈમને, એપેલેટ ટ્રીબ્યુનલ દ્વારા વચગાળાના નિર્દેશ થકી મનાઈ હુકમ (Stay) કરવામાં આવેલ હોવાથી સદર બાબત નિર્ણયાધીન છે.

ઉક્ત સ્થિતિમાં કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (ટાટા પાવર) પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની (એનર્જી ચાર્જ) પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પુરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

----------